**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૪/૬/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૧૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૫૧૮ લીટર દેશી દારૂ, ૫૩૬ બિયરટીન, ૦૧ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૨૧૩/૧૫**

**સાબરમતી :** જાકિરહુસેન યાસીનભાઇ મિસ્ત્રી (રહે. લોખંડવાલા હોસ્પિટલની સામે, લીંમડી ચોક જોર્ડન રોડ દરીયાપુર) એ તા.૧૩/૬/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૬/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે સાબરમતી જુના ટોલનાકા નજીક આવેલ અગવાન ક્રેઇન નામની ઓફીસ સામે, જાકિરહુસેનનાં ક્રેઇનનાં હેલ્પર સંજય કુલદીપ તિવારી (ઉ.વ.૩૫)નાઓનો કોઇ કારણસર આરોપી કિશન સપનભાઇ પટણી (રહે.સાબરમતી બસ સ્ટેન્ડ પાછળ છાપરાંમાં, સાબરમતી) સાથે ઝઘડો થતાં, કિશન પટણીએ લાકડાનાં ટુકડા વડે સંજય તિવારીને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ કરતાં, સારવાર અર્થે સંજયને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૪/૬/૧૫ ના કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૨૧૪/૧૫**

**વટવા :** કાનપુર ઉત્તરપ્રદેશ ખાતે રહેતી ૬૦ વર્ષની વૃધ્ધાએ તા.૧૪/૬/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૬/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે વટવા વિસ્તારમાં અંધારામાં વૃધ્ધાનાં પુત્ર (ઉ.વ.૨૯) એ પોતાની માતા સાથે બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.રાણા ચલાવે છે. ઉપરોકત ગુનાના કામે આરોપીને આજરોજ અટક કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સૃષ્ટીક્રમ વિરૂધ્ધનું કૃત્ય કરાવ્યાની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૫/૧૫</u>**

**સરદારનગર :** સરદારનગર વિસ્તારમાં રહેતાં ૩૦ વર્ષનાં પુરૂષે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૬/૧૫ બપોરનાં ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન ઇન્દીરાબ્રીજ સરણીયા વાસ પાસે આરોપી શિલ્પા દે નાં ઘરે આરોપી નં.(૧) શિલ્પા દે (૨) આનંદી દે (બંને રહે.સરણીયાવાસ, ઇન્દીરાબ્રીજ (૩) અજીયો અને (૪) બાલુ (રહે.ખોડીયારનગર, નોબલનગર) ભેગામળી વારા ફરતી પુરૂષ સાથે મુખમૈથુન કરાવી, સૃષ્ટીક્રમ વિરૂધ્ધનું કામ કરાવી, "કોઇને કહીશ તો જાનથી મારી નાંખીશ" તેવી ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચૌધરી ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૬/૧૫</u>**

**મણીનગરઃ** માલતીબહેન નવીનચંદ્ર સોલંકી (રહે.ચિનુભાઇની ચાલી, ઇદગાહ પોસ્ટ ઓફીસ પાસે, અસારવા) એ તા.૧૩/૬/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૧૩ થી તા.૭/૭/૧૪ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી રાજેન્દ્રકુમાર સેંધાભાઇ પ્રજાપતિ (રહે.જલસાગર એપાર્ટમેન્ટ, ધનલક્ષ્મી સોસાયટી, મણીનગર) એ માલતીબહેનને વિશ્વાસમાં લઇ, મકાન પોતાની માલીકીનું નહીં હોવાનું જાણવા છતાં, આરોપી પોતે મકાન માલીક બની, માલતીબહેન પાસેથી મકાન પેટે કુલ રૂપિયા ૮,૩૦,૦૦૦/- મેળવી લઇ, છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૭/૧૫</u>**

**આનંદનગર :** વિષ્ણુભાઇ સવજીભાઇ સોલંકી (રહે.ગામ જાશપુર, તા.કલોલ, જી.ગાંધીનગર) એ તા.૧૦/૬/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગે સેલ્બી હોસ્પીટલ પાસે, પોતાની મારૂતી ઝેન કાર નંબર જીજે.૧.એચ.સી.૪૧૭૫ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ વિષ્ણુભાઇ સોલંકીએ તા.૧૩/૬/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૮/૧૫</u>**

**બાપુનગર :** અરવિંદભાઈ કુલજીભાઈ પટણી (ઉ.વ.૪૫)(રહે,જમનાદાસની ચાલી, શુભ લક્ષ્મી ફ્લેટ પાસે, બાપુનગર) એ તા.૧૩/૬/૧૫ બપોરનાં ૨/૩૦ વાગ્યાના સુમારે કોઇ અગમ્ય કારણસર પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રી તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)